# પરદેશમાં શિક્ષણ એટલે પૈસો, પરસેવો, પ્રારબ્ધ અને પ્રોબ્લેમ્સ

આજ કાલ પરદેશમાં શિક્ષણ લેવા અનેક યુવાન-યુવતીઓ જઇ રહ્યાં છે. પરદેશમાં શિક્ષણ લેવું એ એક સ્ટેટશ બની ગયું હોય તેમ લાગે છે. ત્યારે પરદેશમાં શિક્ષણ લેવા જનાર સામે કેટલીક હકીકત મૂકવી જરૂરી બને છે. પરદેશમાં શિક્ષણ લેવા જવું તે ખોટું નથી, પણ અન્ય મિત્ર ગયા એટલે મારે પણ જવું જોઇએ તેમ માનનાર ખોટાં છે. દરેક વિદ્યાર્થીએ પોતાની શકિત અને આવડતને નજરમાં રાખીને નિર્ણય લેવો જોઇએ. પરદેશમાં શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓને પૂછવું જોઇએ. આ માટે તમે **www.gujarati-student.in** પરથી પરદેશમાં અભ્યાસ કરતાં વિદ્યાથી અને તેમના વાલીને મળવા માટેના સંપર્ક નંબર તેમજ સરનામું મેળવી શકો છો. પરદેશમાં શિક્ષણ લેતાં વિદ્યાર્થીઓ સાથેની વાતચીત પરથી નીચેના તારણો કાઢી શકાય.

પરદેશમાં શિક્ષણ માટે આર્થિક બાબત ખૂબ જ મહત્ત્વની થઇ પડે છે. જતાં પહેલાં અને ગયા પછી પણ. પરદેશમાં શિક્ષણ આપતી યુનિવર્સિટીઓને તમારી પર પ્રેમ આવી ગયો છે કે તેઓ ખરેખર સામાજિક રીતે સેવા કરવાના હેતુથી શિક્ષણ આપે છે તેમ માનવાની સહેજ પણ જરૂર નથી. પરદેશની યુનિવર્સિટીઓમાં ફી ખૂબ જ ઊંચી હોય છે. આ માટે તમારે દર વર્ષની ફીનો અને રહેવાનો ખર્ચ આશરે સાત-આઠ લાખ મૂકવો જ જોઇએ. આ રીતે ભારતમાં મળતું શિક્ષણ અને પરદેશમાં મળતાં શિક્ષણ વચ્ચે આર્થિક રીતે ખૂબ જ મોટો તફાવત જોવા મળે છે. સાથે જ ત્યાંનુ રહેવા અને ખાવાનું ખર્ચ પણ ભારતની સરખામણીમાં ખૂબ જ મોંઘું પડે છે. આમ પરદેશમાં શિક્ષણ માટે પૈસો ખૂબ જ અગત્યનો થઇ પડે છે. જેને ધ્યાનમાં રાખીને જ પરદેશમાં શિક્ષણ લેવા જવાનું વિચારવું જોઇએ. આમ પરદેશી શિક્ષણ મેળવવા માટે પૈસો ખૂબ જ અગત્યનો ભાગ ભજવે છે.

ત્યાં પહોંચ્યા પછીનું જીવન એટલું સરળ નથી જ. અહીંથી ગયેલા મોટા ભાગના વિદ્યાર્થીના વાલીએ દેવું કરીને જ પોતાના બાળકને મોકલેલ હોય છે. જેથી પરદેશમાં શિક્ષણ લેતું દરેક બાળક ઓછામાં ઓછો ખર્ચ કરવાનું જ વિચારતું હોય છે. અને આ ખર્ચ માટે જરૂરી પૈસા પોતે જ કમાય તેવું આયોજન પણ કરતાં હોય છે. ત્યાં પહોંચ્યાં પછી રહેવા માટે ઘર શોધવું, ઘર મળે પછી નોકરી શોધવી વગેરે ખૂબ જ સરળતાથી પ્રાપ્ત થતું નથી. તે માટે સખત મહેનત કરીને પરસેવો પાડવો પડતો હોય છે. અભ્યાસની સાથે સાથે નોકરી કરવી, જાતે રસોઇ બનાવવી, ખર્ચ ઓછો થાય તે માટે કેટલીક શારીરિક મુશ્કેલીઓ પણ વેઠતા હોય છે. મોડી રાતે નોકરી પરથી આવ્યા પછી એટલા તો થાકેલા હોય છે કે ક્યારેક રસોઇ કર્યા વગર જ ભૂખ્યાં ઊંઘવાનું વધુ પસંદ કરતાં હોય છે. આમ પરદેશમાં શિક્ષણ લેવાની સાથે એટલો જ પરસેવો પણ વહેવડાવવો પડતો હોય છે. જેટલો પરસેવો વધુ તેટલી સફળતા વધુ.

પરદેશમાં ગયેલા વધુ સુખી છે, મજા જ કરે છે તેમ માનવું વધારે પડતું ગણાશે. હા એટલું નક્કી કે ત્યાંની લાઇફ સ્ટાઇલ એટલી તો નિયમિત અને શિસ્તથી ભરેલી હોય છે કે તેમાં તમે એકવાર પડો એટલે ટેવાઇ જાઓ અને પછી તમને તે ખૂબ જ ગમવા લાગે છે. પણ આ માટે ઘણી મુશ્કેલીઓ પણ વેઠવી પડતી હોય છે. ત્યાં પહોંચ્યા પછી રહેવાની જગ્યા, નોકરી અને અભ્યાસ આ ત્રણમાંથી એક બાબતનો અસંતોષ તમને સતત ચિંતા-તનાવમાં રાખે છે. આ ત્રણેમાં સફળતા મેળવવા સખત પુરુષાર્થની જરૂર પડે છે. સાથે કેટલાંક અંશે નશીબનો સાથ પણ જોઇએ. ક્યારેક એવું પણ બનતું હોય છે કે નોકરીની સતત શોધ કરનારને નોકરી ના પણ મળી હોય અને કોઇને ખૂબ જ સરળતાથી નોકરી મળી ગઇ હોય. સખત મહેનત કરનાર અને પુરુષાર્થ કરનાર સારા સ્વભાવના કોઇ વિદ્યાર્થીને રહેવા માટેનું ઘર કે સાથી રૂમપાર્ટનરથી અસંતોષ હોય. તો વળી કોઇને ઘી-કેળાં જેવું મકાન મળી ગયું હોય. આવી બાબતમાં ક્યારેક નશીબ પણ સાથ આપતું હોય છે.

દરેક વ્યક્તિના જીવનમાં દરેક સ્થળે કેટલીક અણધારી આફતો આવતી જ હોય છે. તો વળી કેટલાંકના જીવનમાં મુશ્કેલીઓ તેમનો પીછો છોડતી હોતી નથી. તેમ પરદેશમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થી માટે પણ પ્રોબ્લેમ-મુશ્કેલીઓ સતત આવશે જ. જે માટે તેમણે તૈયાર રહેવાનું જ છે. ત્યાના નીતિ નિયમો સ્વીકારવામાં, અભ્યાસમાં , રહેવા-ખાવામાં તો નોકરી મળવા નહીં મળવાના ઘણાં પ્રોબ્લેમ્સ રહેતાં હોય છે. ઘણીવાર તો એક મુશ્કેલી દૂર કરવામાં આવે અને બીજી આવીને ઊભી જ રહી હોય છે. આ સમયે તેમના વાલી પણ સલાહ આપ્યાં સિવાય કશું જ કરી શકતાં નથી. મોટાભાગે તેમની આ સલાહ નિષ્ફળ નિવડતી હોય છે. કારણ કે વાલીઓ ત્યાંની પરિસ્થિતિથી અજાણ હોય છે અને સલાહ આપતા હોય છે. પરિણામ સ્વરૂપ દરેક વિદ્યાર્થીએ પોતાની મુશ્કેલીનો સામનો પોતાની રીતે જ કરવો પડતો હોય છે અને તેમાંથી બહાર નીકળવાનો રસ્તો પણ તેમને જાતે જ શોધવો પડતો હોય છે. આ વખતે તેમની પાસે તેમાના આત્મવિશ્વાસ સિવાય કોઇની પણ હૂંફ મળતી હોતી નથી.

આમ એકંદરે જોતાં પરદેશમાં શિક્ષણ લેવા માટે વિચારતાં દરેક વાલી અને વિદ્યાર્થીએ પૈસા, પરસેવા, પ્રારબ્ધ અને પ્રોબ્લેમ્સ અંગે પહેલેથી જ વિચારવું રહ્યું. પીળું છે એટલું બધું જ સોનું છે તેમ માનવાની જરૂર નથી. ધીરજ પૂર્વક આત્મવિશ્વાસથી , સખત મહેનત કરનાર અને ચાલશે, ભાવશે, ફાવશેમાં માનનારની સફળતાનો દર વધી જાય છે.